પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષ શાખા, ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/પરમીટ/133/૨૦૨૬ તા.03/૧૧/૨૦૨૬

વંચાણે લીધા:- (૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક: જી/૭૨૫/ઝોન-૧/આર.બી/૭૦૧૩/૨૦૨૬ તા.૨૯/૧૦/૨૦૨૬

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક: જી/૭૨૫/ઝોન-૧/આરબી/૧૧૮૪૨/૨૦૨૬ તા.૨૮/૧૦/૨૦૨૬

(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૪૯૮૦/૨૦૨૬ તા.૨૭/૧૦/૨૦૨૬

(૪) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આરબી/૧૦૧/૨૦૨૬ તા.૨/૧૧/૨૦૨૬

(૫) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક: જી/૭૨૫/ઝોન-૫/આરબી/૬૨૧૯/૨૦૨૬ તા.૨૯/૧૦/૨૦૨૬

(૬) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/આરબી/૪૧૦૯/૨૦૨૬ તા.૨૭/૧૦/૨૦૨૬

(૭) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર ઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/આર.બી/૬૮૮૭/૨૦૨૬ તા.૨૯/૧૦/૨૦૨૬

(૮) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૮ અમદાવાદ શહેર ઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૮/૧૦૦/૨૦૨૬ તા.૦૨/૧૧/૨૦૨૬

અમદાવાદ શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦ થી ધોંધાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: <u>નોઈઝ સ્ટાન્ડર્ડ</u> ::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬ :૦૦
એ	ઔધોગિક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

<u>તા.૧૧/૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.</u>

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) ઓડીટોરીયમ,કોન્ફરન્સ હોલ,કોમ્યુનિટી હોલ/પાર્ટી પ્લોટ આગળ તમામ સહેલાઇથી જોઇ શકે તે રીતે સાઇન બોર્ડ લગાવવાની જવાબદારી ત્યાના/તેના સંચાલકોની રહેશે.તથા નોઈઝ સ્ટાન્ડર્ડમાં જણાવ્યા મુજબ અમલવારી કરાવવી.

(ક) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્તપન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ડ) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: <u>હુકમ</u> :-

વાસ્તે હું અનુપમસિંહ ગહલૌત પોલીસ કમિશનર અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં થયેલ છે જેમાં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી, નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ) ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-::અમલવારીનો સમય ::-

આ હુકમ તા.૦૭/૧૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૫/૦૧/૨૦૨૭ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:: વિસ્તાર ::-

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકૂમત હેઠળનો સમગ્ર વિસ્તાર

:: પ્રતિબંધિત કૃત્ય ::-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર,સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર અમદાવાદ શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા,રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા,રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી..

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિછ્ચનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. અમદાવાદ શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીન્ત્રનો ઉપયોગ રાતના ક.૧૦:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

<u>નોંધ</u> :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૧૦:૦૦ ના જગ્યાએ ક.૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

<u>નોંધ</u>:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી

અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા માટે મનાઇ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા -૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

-:: <u>શિક્ષા</u> ::-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનર રેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે.

-:: <u>જાહેર વિજ્ઞાપન</u>::-

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

આજ તારીખ :-૦૩/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ શ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશનરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૩) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૪) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશનરશ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.